પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૫૬ | ૧૧ માર્ચ, ૨૦૨૩, શનિવાર; ફાગણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# અગન વર્ષા : કેરળમાં પારો ૫૪ ડિગ્રી

## તિરુવનંતપુરમ જિલ્લો અને અલપ્પુઝા, કોટ્ટાયમ અને કન્નુર જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ૫૪ ડિગ્રી

નવી દિલ્હી, તા.૧૦

શિયાળાની સિઝન હમણાં જ પૂરી થઈ છે, પરંતુ અત્યારથી જ લોકો જૂનની આકરી ગરમીનો સામનો કરી રહ્યા છે. દેશના અનેક રાજ્યોમાં ગરમીએ પોતાનો જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. જેના કારણે લોકો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. કેરળમાં પણ આકરી ગરમી શરૂ થઈ ગઈ છે. કેરળ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા ગુરુવારે (૯ માર્ચ) તૈયાર કરાયેલા અહેવાલ મુજબ, રાજ્યના કેટલાક સ્થળોએ તાપમાન ૫૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. આવી સ્થિતિમાં તે ગંભીર બીમારીઓનું કારણ બની શકે છે અને આવનારા દિવસોમાં હીટ સ્ટ્રોકની શક્યતા છે. કેએસડીએમએના અહેવાલ મુજબ, રાજ્યના તિરુવનંતપુરમ જિલ્લાના દક્ષિણ છેડે, કોટ્ટાયમ, અલાપ્પુઝા અને કન્નુર જિલ્લાના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૫૪ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું છે. આ સિવાય તિરુવનંતપુરમ, કોલ્લમ, અલપ્પુઝા, કોટ્ટયમ, એર્નાકુલમ, કોઝિકોડ અને કન્નુરના વિસ્તારોમાં પણ ગુરુવારે (૯ માર્ચ) ૪૫-૫૪



ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, આ સ્થળોએ હીટ સ્ટ્રોકની સંભાવના છે, જેના કારણે જનજીવન પણ થઈ શકે છે. ઉપરાંત, ઇડુક્કી અને વાયનાડના પહાડી જિલ્લાઓના કેટલાક ભાગોમાં ૨૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. પલક્કડમાં આ વર્ષે ઉનાળાનો હળવો પ્રકોપ છે, તાપમાન ૩૦-૪૦ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે છે. આ સાથે મોટા ભાગના ઈડુક્કી જિલ્લો પણ આ શ્રેણીમાં છે.ભારતીય હવામાન વિભાગ તિરુવનંતપુરમે આ અહેવાલ પર પ્રતિક્રિયા આપવાનો ઈનકાર કર્યો છે. આ ઉપરાંત આરોગ્ય અધિકારીઓએ લોકોને બહાર જતી વખતે સાવચેતી રાખવા અનુરોધ કર્યો છે. તદુપરાંત, પોતાને સળગતી ગરમીથી બચાવવા માટે સારી રીતે હાઈડ્રેટેડ રાખો. આખા દેશમાં ક્યાંકને ક્યાંક હવામાનમાં મોટો પલટો આવી રહ્યો છે. જ્યારે ઘણી જગ્યાઓ પર હીટવેવની આગાહી છે. ઉત્તર ભારતના પર્વતીય પ્રદેશોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનો અંત આવ્યો છે. જ્યારે મેદાની વિસ્તારોમાં ચક્રવાતી હવાઓ બળી પડી રહી છે.

## એક્સાઈઝ નીતિ કેસમાં હજુ વધુ ધરપકડો થશે : સુકેશ

નવી દિલ્હી, તા.૧૦

મની લોન્ડ્રિંગ કેસમાં તિહારમાં જેલમાં બંધ મહાઠગ સુકેશ ચંદ્રશેખરને આજે દિલ્હીની કોર્ટમાં હાજર કરાયો હતો. આ દરમિયાન જ્યારે પત્રકારોએ સુકેશને પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાની ધરપકડ અંગે સવાલ કરાયો તો તેણે મોટું નિવેદન આપ્યું હતું. સુકેશ ચંદ્રશેખરે કહ્યું કે, સત્યની જીત થઈ છે, હવે અરવિંદ કેજરીવાલનો વારો છે. સુકેશે એક્સાઈઝ નીતિ અંગે ઘટસ્ફોટ કરતા કહ્યું કે, એક્સાઈઝ નીતિ કેસમાં હજુ વધુ ધરપકડો થશે અને આગામી ધરપકડ અરવિંદ કેજરીવાલની થશે.

પટિયાલા હાઉસ કોર્ટમાં હાજર થયેલા મહાઠગ સુકેશ ચંદ્રશેખરે દાવો કર્યો હતો કે, એક્સાઈઝ નીતિ કૌભાંડમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ થશે. સુકેશે કહ્યું કે, કેજરીવાલ વઝીર છે, હું તમામનો પર્દાફાશ કરીશ. આ કેસમાં વધુ ધરપકડો થશે. કેજરીવાલ પોતાનું કામ સારી રીતે નિભાવી રહ્યા છે. દારૂની નીતિ સાથે મારે કોઈ લેવાદેવા નથી.

છેતરપિંડીના કેસમાં મંડોલી જેલમાં બંધ સુકેશ ચંદ્રશેખરે ફરી એકવાર દિલ્હીના મુખ્યમંત્રી પર સ્ટેશનરી કૌભાંડનો આરોપ લગાવતો પત્ર લખ્યો છે. સુકેશે પોતાના વકીલ દ્વારા મીડિયાને મોકલેલા પત્રમાં કેજરીવાલ સરકાર પર ગંભીર આરોપ લગાવ્યા છે.

# દેશમાં H1N3 ઈન્ફ્લૂએન્ઝા વાઈરસનાં ૯૦ કેસ : બે નાં મોત

## એક મૃત્યુ હરિયાણામાં તો બીજું મૃત્યુ કર્ણાટકમાં થયું છે

નવી દિલ્હી, તા.૧૦

દેશમાં કોરોનાની જેમ ફેલાઈ રહેલા એચ૧એનઉ ઈન્ફલ્યુએન્ઝાને કારણે પ્રથમ વખત મૃત્યુ થયાના સમાચાર સામે આવ્યા છે. દેશમાં અત્યાર સુધીમાં એચ૧એનઉના ૯૦ કેસ નોંધાયા છે.

જો કે સુરતથી મળતા અહેવાલો મુજબ સુરતના કાપોદ્રામાં એક મહિલાનું ઈન્ફલૂએન્ઝાના કારણે મોત થયું છે. તેના સેમ્પલ લેબમાં મોકલવામાં આવ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ ખબર પડશે કે ક્યા સ્ટ્રેનના કારણે તેનુ મોત થયું છે. આ વાયરસની ઝપેટમાં આવ્યા પછી, એક મૃત્યુ હરિયાણામાં, જ્યારે બીજું મૃત્યુ કર્ણાટકમાં થયું છે. હાલમાં ઈન્ફલૂએન્ઝા એચ૧એનઉ દેશમાં કોરોનાની જેમ ફેલાઈ રહ્યો છે. લોકો આ વાયરસને સાધારણ વાયરસ ઘણી રહ્યાં છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં એચ૧એન૧ના ૮ કેસ નોંધાયા છે. કુલ ઈન્ફલ્યુએન્ઝા ત્રણ પ્રકારના હોય છે. એચ૧એન૧, એચ૧એનઉ અને ઈન્ફલ્યુએન્ઝા બી જેને યામા ગાટા કહેવામાં આવે છે. ભારતમાં હાલ, બે પ્રકારના ઈન્ફલ્યુએન્ઝા વાયરસ એચ૧એન૧ અને એચ૧એનઉની હાજરી નોંધવામાં આવી છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, તે ઈન્ફલ્યુએન્ઝા છ નો સબટાઈપ એચ૧એનઉ વાયરસ છે, જેને લઈને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) એ એડવાઈઝરી પણ જારી કરી છે.

લક્ષણો- ખૂબ તાવ, સખત માથાનો દુખાવો, શરીરમાં દુખાવો, ગળામાં દુખાવો, તીવ્ર ઉધરસ, શરદી અને ફેફસામાં તકલિફ

જો તમને પણ આવા લક્ષણો

● અનુસંધાન પાન-૭ પર

## પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહની કારે બાઈકને ટક્કર મારી દીધી

### દુર્ઘટના ત્યારે સર્જાઈ જ્યારે તે શખ્સ બાઈકને ચાલુ રોડ પર વાળી રહ્યો હતો એવું વીડિયોમાં દેખાય છે : કોંગ્રેસ નેતા ઈજાગ્રસ્તને હોસ્પિટલ લઈ ગયા

રાજગઢ, તા.૧૦

વરિષ્ઠ કોંગ્રેસ નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહની ગાડીએ ગુરુવારે રાજગઢમાં એક બાઈકચાલકને ટક્કર મારી દીધી હતી. આ ટક્કર બાદ દિગ્વિજયે તેમનો કાફલો અટકાવી ખુદ બાઈકચાલકને સ્થાનિક હોસ્પિટલે લઈ ગયા હતા. અહીંથી તેને ભોપાલની ચિરાયુ હોસ્પિટલ રિફર કરાયો હતો.

માહિતી અનુસાર ઈજાગ્રસ્ત બાઈકચાલકની હાલત હવે સ્થિર છે. દિગ્વિજય સિંહ કોંગ્રેસના જિલ્લા અધ્યક્ષ ના કોડક્યા ગામમાં ઘરે શોક વ્યક્ત કરવા પહોંચ્યા હતા. બપોરે આશરે ૩:૦૦ વાગ્યે જ્યારે તે નીકળ્યા તો જીરાપુર નજીક બાઈક સવાર ૨૦ વર્ષીય રામબાબુ બાગરી બ્લેક ફોર્ચ્યુનરમાં સવાર દિગ્વિજય સિંહની ગાડી સાથે ટકરાઈ ગયો હતો. રામબાબુ પરોલિયાનો રહેવાશી છે. આ દુર્ઘટના ત્યારે સર્જાઈ જ્યારે તે તેની બાઈકને ચાલુ રોડ પર વાળી રહ્યો હતો જેવું વીડિયોમાં દેખાય છે.

### ભારતમાં ઈંધણની માગમાં મોટો વધારો થયો

# ભારતમાં ઈંધણની માંગ ૨૪ વર્ષના હાઈ લેવલ પર પહોંચી ગઈ

### ફેબ્રુઆરીમાં ઈંધણનો વપરાશ ૫ ટકા વધી ૪.૮૨ મિલિયન બેરલ પ્રી-ડે થઈ ગઇ છે જે દર વર્ષે થતો ૧૫મો વધારો છે

નવી દિલ્હી, તા.૧૦

ભારતમાં ઈંધણની માગમાં મોટો વધારો થયો છે. તાજેતરમાં જારી કરાયેલા આંકડાઓ અનુસાર ભારતમાં ઈંધણની માગ ૨૪ વર્ષના હાઈ લેવલ પર પહોંચી ગઈ છે. રિપોર્ટમાં જણાવાયું છે કે આ માગ સસ્તા રશિયન ક્રૂડને કારણે વધી છે. ફેબ્રુઆરીમાં ઈંધણનો વપરાશ ૫ ટકા વધી ૪.૮૨ મિલિયન બેરલ પ્રી-ડે(૧૮.૫ મિલિયન ટન) થઈ ગઈ છે જે દર વર્ષે થતો ૧૫મો વધારો છે. એક અહેવાલ અનુસાર



ભારતીય ઓઈલ મંત્રાલયના પેટ્રોલિયમ યોજના અને વિશ્લેષણ સેલ(પીપીએસી) દ્વારા એકત્રિત કરાયેલા આંકડાઓમાં આ વખતે ઈંધણની માગ ૧૯૯૮થી પણ વધુ

● અનુસંધાન પાન-૭ પર

# બ્લેક ફ્રાઈડે સેન્સેક્સમાં ૬૭૧ પોઈન્ટનો કડાકો

## નાણાકીય, આઇટી અને કેપિટલ ગુડ્સ શેરોમાં વેચવાલી : અદાણી ગ્રૂપના શેર્સ ટોપ ગેનર્સમાં જોડાયા : જ્યારે એચડીએફસી બેન્ક જેવા શેરમાં ૪ ટકાનો ઘટાડો

મુંબઈ, તા.૧૦

નબળા વૈશ્વિક વલણો વચ્ચે નાણાકીય, આઈટી અને કેપિટલ ગુડ્સ શેરોમાં ભારે વેચવાલીને કારણે શુક્રવારે શરૂઆતના વેપારમાં બેન્ચમાર્ક શેર સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં ૧ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. ૩૦ શેરનો બીએસઈ બેરોમીટર ૬૭૧.૧૫ પોઈન્ટ ઘટીને ૫૯,૧૩૫.૧૩ પર આવ્યો હતો. કારણ કે તેમાં સામેલ ૨૧ શેરો લાલ નિશાન પર ટ્રેડ થઈ રહ્યા હતા. અદાણી ગ્રૂપના શેર્સ ટોપ ગેનર્સમાં જોડાયા હતા, જ્યારે એચડીએફસી બેન્ક, કેનેરા બેન્ક અને બેન્ક ઓફ ઈન્ડિયા જેવા બેન્કિંગ સેક્ટરના શેરમાં લગભગ ૪ ટકાનો ઘટાડો થયો હતો.

સપ્તાહના છેલ્લા બજાર દિવસે શુક્રવારે ભારતીય સ્થાનિક શેરબજાર નબળા વૈશ્વિક વલણોને કારણે ઘટાડા સાથે બંધ થયું હતું. સેન્સેક્સ ૬૭૧.૧૫ પોઈન્ટ અથવા ૧.૧૨ ટકા ઘટીને ૫૯,૧૩૫.૧૩ પર બંધ થયો હતો. જ્યારે ૫૦ શેરના બેન્ચમાર્ક નિફ્ટીમાં પણ ૧૭૬.૭૦ પોઈન્ટ અથવા ૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો અને તે ૧૭,૪૧૨.૯૦ પર બંધ થયો હતો. શુક્રવારે ભારે વેચવાલી વચ્ચે અદાણી ગ્રુપના શેરમાં ૫ ટકા સુધીનો વધારો નોંધાયો હતો.



અદાણી ટ્રાન્સમિશન, અદાણી ગ્રીન, અદાણી ટોટલ ગેસના શેરમાં અનુક્રમે ૫ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે, અદાણી પાવરના શેરમાં પણ ૪ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો.મેંગલોર રિફાઈનરીના શેરે ૭.૩૯ ટકાના ઉછાળા સાથે ટોચના ગેઈનર્સમાં સ્થાન મેળવ્યું હતું.

શુક્રવારે મોટા ભાગના બેંકિંગ સેક્ટરના શેરને ફટકો પડ્યો હતો. બેંક ઓફ ઈન્ડિયાના શેરમાં ૩.૯૧ ટકાનો ઘટાડો થયો છે. જ્યારે કેનેરા બેંકના શેરમાં પણ ૩.૯૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. એચડીએફસી બેંકના શેરમાં ૨.૬૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો.એસબીઆઈ અને ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં ૨ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. તે જ સમયે, આઈસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંકના શેરમાં ૧ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે બજાજ ફાઈનાન્સ અને કોટક બેંકના શેરમાં પણ ઘટાડો થયો હતો. જ્યારે, વિપ્રો, ટીસીએસ, ઈન્ફોસિસ, એચસીએલટેક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા સ્ટીલના શેરમાં પણ ઘટાડો થયો હતો. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ફાઈનાન્શિયલ, બેંકિંગ, આઈટી અને કેપિટલ

● અનુસંધાન પાન-૭

# લેન્ડ ફોર જોબ સ્કેમમાં લાલુની પુત્રીઓને ત્યાં ઈડીના દરોડા

## ઇડીના દિલ્હી, બિહાર અને યુપીની ૧૫ સ્થળો પર દરોડા

નવી દિલ્હી, તા.૧૦

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ આજે લેન્ડ ફોર જોબ સ્કેમ(જમીનના બદલે નોકરી કૌભાંડ) મામલે મોટી કાર્યવાહી કરી હતી. ઈડીએ દિલ્હી, બિહાર અને યુપીની ૧૫ સ્થળો પર દરોડા પાડ્યા હતા અને મહત્વની વાત એ છે કે આ દરોડા લાલુ યાદવ અને તેમના નજીકના લોકોના સ્થળો પર પડ્યા છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા સીબીઆઈએ આ મામલે લાલુ યાદવ અને રાબડી દેવીની પણ પૂછપરછ કરી હતી અને ઈડીની ટીમે શુક્રવારે પટનામાં પૂર્વ રાજદના એમએલએ અબુ દોજાના ઘરે પણ દરોડા પાડ્યા હતા. અબુ દોજાના વ્યવસાયે બિલ્ડર છે. ઉલ્લેખનીય છે કે લાલુ યાદવના પરિવારની આ કૌભાંડ મામલે મુશ્કેલીઓ વધતી જઈ રહી છે. અગાઉ સીબીઆઈએ સોમવારે પટણામાં રાબડી દેવીના ઘરે તેમની પૂછપરછ કરી હતી અને પછી બીજા દિવસે સીબીઆઈની ટીમ

● અનુસંધાન પાન-૭ પર

## મનીષ સિસોદિયાની જામીન અરજી પર ૨૧મીએ ચુકાદો

નવી દિલ્હી, તા.૧૦

દિલ્હીના આબકારી નીતિ મામલામાં મનીષ સિસોદિયાના રિમાન્ડ પર શુક્રવારે સુનાવણી થઈ. કોર્ટે તેના પર ચુકાદો સુરક્ષિત રાખ્યો છે. સુનાવણી દરમિયાન ઈડીએ ૧૦ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. ઈડીના વકીલે કહ્યું કે દિલ્હી આબકારી નીતિમાં હોલસેલરને ફાયદો પહોંચાડી ગેરકાયદેસર કમાણીની વ્યવસ્થા બનાવવામાં આવી. તો સિસોદિયાના વકીલે તેનો વિરોધ કર્યો હતો.

જામીન અરજી પર સુનાવણીના એક દિવસ પહેલાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ED)એ મનીષ સિસોદિયાની તિહાડ જેલમાં લાંબી પૂછપરછ બાદ ધરપકડ કરી હતી. આ પહેલાં સિસોદિયાની સીબીઆઈએ ધરપકડ કરી હતી. આ મામલામાં જામીન અરજી પર કોર્ટ હવે ૨૧ માર્ચે સુનાવણી કરશે. EDએ કોર્ટને જણાવ્યું કે જથ્થાબંધ બિઝનેસ કેટલાક

● અનુસંધાન પાન-૭ પર

## OYOના ફાઉન્ડર રિતેશ અગ્રવાલના પિતાનું બિલ્ડીંગ પરથી નીચે પડતા મોત

નવી દિલ્હી, તા.૧૦

દેશમાં સસ્તી હોટેલ રૂમ સર્વિસ પૂરી પાડતી કંપની ઓયોના ફાઉન્ડર રિતેશ અગ્રવાલના પિતા રમેશ અગ્રવાલનું નિધન થયું છે. મળતી માહિતી મુજબ, તે ગુરુગ્રામની હાઈરાઈઝ બિલ્ડીંગ પરથી નીચે પડી ગયા, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું. જણાવી દઈએ કે રિતેશ અગ્રવાલે ૩ દિવસ પહેલા લગ્ન કર્યા હતા અને હવે તેમને આ દુઃખદ સમાચાર સાંભળવા મળ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર, દિલ્હીને અડીને આવેલા ગુરુગ્રામમાં બપોરે લગભગ ૧ વાગ્યે ૨૦મા માળેથી પડી જવાથી તેમનું મોત થયું હતું. ઘરની બાલ્કનીમાંથી પડી જતાં તેમનું મોત થયું હતું. રમેશ ઘરની બાલ્કનીમાંથી પડ્યા ત્યારે પરિવારના સભ્યો ઘરમાં હાજર હતા.

ગુરુગ્રામ ઈસ્ટના ડીસીપીએ ન્યૂઝ૧૮ને જણાવ્યું કે લગભગ ૧ વાગે માહિતી મળી હતી. જ્યારે પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી તો જાણવા મળ્યું કે રમેશ અગ્રવાલનું ૨૦મા માળેથી પડી જવાથી મોત થયું હતું. તે ડીએલએફ ક્રિસ્ટા સોસાયટીમાં રહેતા હતા. તેઓ ઘરની બાલ્કનીમાંથી પડી ગયા. ઘરની અંદર પુત્ર, વહુ અને પત્ની હાજર હતા. ઘટનાસ્થળેથી કોઈ સ્યુસાઈડ નોટ મળી નથી. મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. જોકે આ અંગે પરિવાર દ્વારા કોઈ

● અનુસંધાન પાન-૭ પર

CBSE ADMISSIONS OPEN 2023-24

99794 14333
93278 71207

NURSERY TO GRADE 12th
SCIENCE/COMMERCE/HUMANITIES
11th & 12th SCIENCE WITH PREPARATION OF NEET / JEE
9th & 10th PREPARATION OF FOUNDATION COURSE

Near Sargasan Circle, Opp. Aashka Hospital, Ta. & Dist. Gandhinagar-382421

KAMESHWAR INTERNATIONAL SCHOOL
NO NEED OF AN EXTRA COACHING CLASS
PRACTICAL LEARNING APPROACH
LIMITED STUDENTS IN EACH CLASS

11 ACRES GREEN CAMPUS WITH HEALTHY ENVIRONMENT
SPORT INTEGRATED SCHOOL
Facebook/KISGandhinagar
www.kisgandhinagar.ac.in

